
સત્સંગ
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ

# માનવીની અનંત ઈચ્છાઓ જ તેના દુઃખનું મૂળ કારણ છે

**આચમન**
**બિપિન પટેલ**

માનવીનું મન અત્યંત ચંચળ છે. તેમાં અનેક ઈચ્છાઓ નિરંતર ઊઠતી રહે છે. એ ઈચ્છાઓને પૂરી કરવામાં જ તેનું જીવન પૂરું થઈ જાય છે. તેની ઈચ્છાઓ-કામનાઓનો તો અંત નથી આવતો, કિંતુ તેના જીવનનો અંત જરૂર આવી જાય છે. મનુષ્યને ત્રણ પ્રકારની કામનાઓ સતત સતાવતી રહે છે; સુતેષણા, વિત્તેષણા અને લોકેષણા! સંતાન પ્રાપ્તિની કામના એટલે સુતેષણા, ધન પ્રાપ્તિની કામના એટલે વિત્તેષણા અને પદ-પ્રતિષ્ઠા તેમજ માન-સન્માનની કામના એટલે લોકેષણા. એક ચોથી એષણા (કામના/ઈચ્છા) પણ માનવીના મનમાં સતત ઊઠતી રહે છે. તે છે જિજીવિષા-જીવવાની તીવ્ર ઈચ્છા! કોઈ પણ જીવ મરવા નથી ઈચ્છતો! ભગવાન બુદ્ધે તો સ્પષ્ટ કહ્યું છે કે માનવીની તીવ્ર ઈચ્છાઓ જ તેના દુઃખનું મૂળ કારણ છે. કબીરજી કહે છે; "ઈચ્છા કાયા, ઈચ્છા માયા, ઈચ્છા જગ ઉપજાયા" - આ શરીરના જન્મનું કારણ પણ ઈચ્છા છે અને જગતની ઉત્પત્તિનું કારણ પણ ઈચ્છા જ છે. ઈચ્છા જ માયા છે. જે જીવને ભ્રમિત કરતી રહે છે.

ગીતાજીના માધ્યમ દ્વારા ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, "માનવીના મનમાં સતત ઊઠતી કામનાઓ જ તેનો મહાન શત્રુ છે, જ્યારે ઈચ્છાઓ પૂરી કરવામાં કોઈ વિઘ્ન આવે છે ત્યારે માનવીને ક્રોધ ચડે છે, ક્રોધાવેશમાં માનવી વિવેક શૂન્ય બને છે અને વિવેકશૂન્ય માનવીનું પતન થાય છે."



**માનવીના મનમાં સતત ઊઠતી કામનાઓ જ તેનો મહાન શત્રુ છે**

ઈચ્છાઓ કે કામનાઓ તો ઊંધઈ સમાન છે; જે માનવીને અંદરથી સતત નષ્ટ કરતી રહે છે. શ્રીરામચરિત-માનસના સુંદરકાંડનો પ્રસંગ આ દિશામાં પ્રેરક બની રહેશે. હનુમાનજી સીતાશોધ માટે નીકળ્યા ત્યારે સર્પોની માતા સુરસાએ તેમનો માર્ગ રોકતાં તેમને ખાય જવા માટે પોતાનું મુખ પહોળું કર્યું. કંઈક વિચારીને હનુમાનજી યુક્તિપૂર્વક તેના એ પહોળા મુખ કરતાં બમણા થઈ ગયા. તો સુરસાએ પોતાનું મુખ ચાર ગણું કર્યું. તરત જ હનુમાનજી જેમ જેમ આઠગણા થઈ ગયા. સુરસા પોતાનું મુખ વધુ ને વધુ પહોળું કરતી ગઈ, તેમ તેમ હનુમાનજી તેના કરતાં બમણા થતા ગયા. અંતે અચાનક જ હનુમાનજી એકદમ નાના થઈ ગયા અને તત્ક્ષણ સુરસાના અત્યંત પહોળા મુખમાં પ્રવેશીને બહાર પણ આવી ગયા. સુરસાનું મુખ પહોળું જ રહી ગયું! આ સુરસા માનવીની ઈચ્છાઓનું પ્રતીક છે! ઈચ્છા રૂપી સુરસા માનવીને ખાવા માટે સતત મુખ પહોળું કરતી રહે છે. અર્થાત્ માનવીની એક ઈચ્છા પૂરી થતાં બીજી અનેક ઈચ્છાઓ ક્રમશઃ તેની સમક્ષ આવતી જ રહે છે. જેને પૂરી કરવામાં જ તેનું જીવન પૂરું થઈ જાય છે! ઈચ્છા

રૂપી સુરસાથી મુક્ત થવાનો એક જ ઉપાય નજરે પડે છે; સાંસારિક કામનાઓને સ્થાને સતત નામજપ કરતાં કરતાં એકમાત્ર પરમાત્માની પ્રાપ્તિની તીવ્ર કામના મનમાં જાગૃત કરીએ - બસ! ક્યારે મને મળે ભગવાન !! પરમાત્માને પ્રેમ કરવાની અને પરમાત્માને પામવાની એ ઈચ્છા જેમ જેમ પ્રબળ બનતી જશે તેમ તેમ અન્ય ઈચ્છાઓ ધીરે ધીરે શાંત થતી જશે.

# શાંતિનું રહસ્ય - સમર્પણ

**અજવાળાં**
**દુર્ગેશ ઉપાધ્યાય**



જીવનમાં શાંતિ જોઈતી હોય તો સમર્પિત થઈ જવાનું શીખવું જોઈએ. આ સમર્પણ ઈશ્વર પ્રત્યેનું હોય કે, કોઈ વ્યક્તિ પ્રત્યેનું. સમર્પણ એ માણસનો સૌથી મોટો ગુણ છે.

સમર્પિત થવું એટલે પોતાની જાતને, પોતાના ગુણ-દોષને અન્ય સમક્ષ અર્પણ કરી દેવા, હું મોટો ને તું નાનો એ વાત ભૂલી જવી. જેઓ ભગવાનને સમર્પિત થાય છે, તેમના તમામ દુઃખ-દર્દ, પાપ નષ્ટ થાય છે, એમ આપણાં શાસ્ત્રો કહે છે. ભગવાનના શરણમાં જનાર ભક્ત પર ભગવાનની કૃપા જરૂર વરસે છે. તમે જાતે કશું જ નથી, જે કંઈ છો એ બધી જ ભગવદ્કૃપા છે, એમ સમજી એના શરણમાં જનાર કદાપી અશાંતિ અનુભવતો નથી. અહીં શરણાગત વત્સલની વાત છે. તમે જેના શરણમાં જાવ છો, તેમાં ભાવ ભળેલો હોવો જોઈએ. ખાલી હું તારા શરણે છું, કહેવાથી ના ચાલે, હૃદયના ભાવથી ઈશ્વર શરણમાં જનારને કંઈક અલગ, અલૌકિક અનુભૂતિ થાય છે. કહ્યું છે કે, ભગવદ્શરણમાં જનારના પાપ-કર્મો ધોવાઈ જાય છે. આપણે જેમ મેલાં કપડાં ધોઈને સ્વચ્છ બનાવીને એ ફરી પહેરીએ છીએ, તેમ મનના મેલને ધોવો હોય તો પ્રભુશરણમાં જવું પડે. પ્રભુને સમર્પિત થઈ જવું પડે. સમર્પણ હંમેશાં ઉત્તમ ગુણ છે, અને બધાંને ગમે છે. એ ગુણમાં ક્ષમાનો ગુણ પણ વણાયેલો છે. ઘરમાં કે બહાર જે કંઈ અશાંતિ છે, ઝઘડા કે હૂંસાતૂસીના દોષો છે, એ બધા અહમના કારણે જ છે. 'હું'ને ભૂલી જઈએ અને 'આપણે' થઈ જઈએ તો પણ ઘણા ઝઘડા દૂર થઈ જાય છે. સંસારમાં, જીવનમાં કે કર્મોમાં અહમ છોડી, અન્યને સમર્પિત થઈ જવામાં ભારે મજા છે.

સમર્પિત થઈ જવાથી ભૌતિક આસક્તિ દૂર થાય છે. ભૌતિક આસક્તિના કારણે જ આપણે જીવનમાં ભય અને અશાંતિ અનુભવીએ છીએ. મૃત્યુનો ડર પણ ભૌતિક આસક્તિના કારણે છે. આ શરીરને ભોગ ભોગવવાનું સાધન જ માનીને જે જીવે છે, તેને મૃત્યુનો ડર રહે છે, પણ એમાં રહેલા આત્માને ઊજાળવા માટે આ શરીર છે, એમ સમજનારને મૃત્યુનો ડર નથી રહેતો. જે વ્યક્તિ પોતાના ગુણ-દોષ સમજી જાતને સમર્પિત થઈ શકે છે, એ વ્યક્તિ અન્યને પણ સમર્પિત થઈ શકે છે. માના ખોળામાં સૂઈ જનાર બાળક જેમ શાંતિ અનુભવે છે, તેમ પ્રભુના ખોળામાં સમર્પિત થઈ જનાર પણ શાંતિ અનુભવશે, સલામતી અનુભવશે. તેને કશાનો ડર નહીં રહે. સમર્પણભાવથી જીવનમાં પણ સમતુલા આવે છે. પતિ-પત્નીને એક રથના બે પૈડાં કહ્યાં છે, એમાં એક પૈડું મોટું કે નાનું હોય, વાંકું હોય તો રથ બરાબર ન ચાલે. એ માટે એકબીજાના ગુણ-દોષ વિચારીને પરસ્પર સમર્પણનો ભાવ રાખીએ તો જીવનરથ સરસ મજાનો ચાલે છે. આ માટે સમજણ જરૂરી છે. જીવનમાં આવતાં કેટલાંક દુઃખો તો સમજણના અભાવે જ આવે છે. કેટલાંક કર્મોના કારણે આવે છે. કર્મોના કારણે આવતાં દુઃખો તો ભોગવવાં જ પડે છે. પણ એ કદાચ ઈશ્વર શરણમાં જતાં ઓછાં થાય. પરંતુ સમજણના અભાવે ઊભાં થતાં દુઃખ તો માણસ જાતે જ દૂર કરી શકે છે અને એનો એકમાત્ર ઉપાય છે, સમજણ કેળવવી, સમર્પણભાવ કેળવવો. ક્ષમા આપવી. હું જ બધું કરું છું, એ ભૂલ ઈશ્વરની કૃપાથી સધાયું થાય છે. એમ સમજી જીવવું. જો એ ભાવ, સમજણ કેળવાશે તો કોઈ ખરાબ કર્મ કરતાં મન અચકાશે. કારણકે તમે તમારી જાતને પ્રભુશરણમાં સોંપી દીધી છે. તમે ખોટું કરશો, તો ભગવાન નારાજ થશે, એમ જાણનાર ખોટું નહીં કરે. અને ખોટું નહીં કરનારને તેનાં ફળ પણ ભોગવવાં નહીં પડે. આ રીતે કોઈ સત્પુરુષ સંત-મહાત્મા કે સિદ્ધપુરુષના આશ્રયે જવાથી મનના સંતાપ દૂર થાય છે, અને જીવન ઊર્ધ્વગામી બને છે. પણ એ સંત સાચો હોવો જોઈએ.

**ભગવાનના શરણમાં જનાર ભક્ત પર ભગવાનની કૃપા જરૂર વરસે છે**

ભગવાન શ્રીકૃષ્ણે પણ ભગવદ્ ગીતામાં અર્જુનના માધ્યમ દ્વારા શરણાગતિનો રસ્તો દર્શાવ્યો છે. એણે કહ્યું છે, 'મારી પૂજા-ઉપાસના ન કરે તો ચાલશે. બસ મારી પાસે ચાલ્યો આવ. તું ચિંતા ન કર, હું છું ને.' આ સરસ વાત સ્વીકારવા જેવી છે. અનન્યભાવે ભગવાનને સમર્પિત થઈ જવાથી જેમ કોઈ ચિંતા રહેતી નથી. એમ જીવનમાં પણ અન્ય વ્યક્તિને સમર્પિત થઈ જીવવામાં સંસારનાં તાપો શમી જાય છે અને શાંતિનો અનુભવ થાય છે.

## સપ્તાહનાં વ્રત-તહેવાર

**તા. ૨૧ થી તા. ૨૭ સપ્ટેમબર ૨૦૨૬**

**તા. ૨૧ સોમવાર**
ભાદરવા સુદ દશમ-: શ્રી મુંડિયા સ્વામી જન્મજયંતી, રામકૃષ્ણ પરમહંસ પુણ્યતીર્થી.

**તા. ૨૨ મંગળવાર**
ભાદરવા સુદ એકાદશી :પરિવર્તિની એકાદશી (કમળકાકડી),દક્ષિણ ગોળાર્ધરંભ,વિષુવવૃત્ત દિન.

**તા. ૨૩ બુધવાર**
ભાદરવા સુદ બારસ, વામન જયંતી,શ્રવણ બારસ,કુંભ પંચક રાતે ૯-૫૭ કલાકથી.

**તા. ૨૪ ગુરુવાર**
ભાદરવા સુદ તેરસ-: પ્રદોષ,પંચક,ગોત્રિરાત્રી વ્રત પ્રારંભ, ગોવિંદપ્રભુજયંતી(મહાનુભાવ)

**તા. ૨૫ શુક્રવાર**
ભાદરવા સુદ ચૌદશ-: પંચક,અનંત ચૌદશ, શ્રી ગણેશ વિસર્જન, દિગમ્બર જૈન પર્યુષણ મહાપર્વ સમાપ્ત.

**તા. ૨૬ શનિવાર**
ભાદરવી પૂનમ-:પંચક, અંબાજીનો મેળો,પ્રૌષ્ઠ પદી પૂનમ,વ્રતની પૂનમ

ગોત્રિ રાત્રી વ્રત સ. ભાગવત સપ્તાહ સ. સંન્યાસીના ચાતુર્માસ સમાપ્ત.

**તા. ૨૭ રવિવાર,**
ભાદરવા વદ એકમ-: મહાલયારંભ-પિતૃ પક્ષ પ્રારંભ,એકમનું શ્રાદ્ધ,